**(૭) કસોટી દ્વારા ચકાસણી :** ધોરણ શિશુ-૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ

કે જે વિદ્યાર્થીને પેન્સિલ કેવી રીતે પકડાય તેનો ખ્યાલ ન હતો.

કે જે વિદ્યાર્થી મૂળાક્ષર કેવી રીતે લખાય તેનો ખ્યાલ ન હતો.

કે જે વિદ્યાર્થી મૂળાક્ષર લખી તો શકે છે. પણ મૂળાક્ષરને ઓળખી શકતો નથી.

કે જે વિદ્યાર્થી શબ્દો ઓળખે છે., લખે છે. પણ ખૂબ જ ખરાબ અક્ષરે લખે છે.

કે જે વિદ્યાર્થીને લેખન કાર્ય ખૂબજ કંટાળા જનક લાગે છે. જે વાતવાતમાં બહાના કરી લખવામાંથી છૂટવાનો પ્રયાસ કરે છે.

**(૮) માહિતીનું એકત્રીકરણ :**

શિશુ-૨ વર્ગના જેટલા પણ વિદ્યાર્થીઓમાં ઉપર દર્શાવેલ પ્રમાણે લેખનકાર્યમાં જે કોઇ મૂઝંવણો અનુભવી તેમાં તેમના માતા-પિતા સાથે સંપર્ક કરી દરેક બાળકને લખવા વાંચવામાં પડતી મુશ્કેલીઓને દુર કરવા જુદા જુદા પ્રયત્નો કર્યા. આ સંશોધન કાર્યમાં મને વાલીઓનો સારો સહકાર સાપંડયો.

**(૯) અવલોકનો :**

સત્રના પ્રથમ દિવસે જે બાળકો જાતે પેન્સિલ કેમ પકડવી તે જાણતા ન હતા તેવા બાળકો આજે જાતે લખવા પ્રયાસ કરે છે.તેમજ ઘરે પણ જાતે લખવા વાંચવા પ્રયાસ કરે છે. શિસ્તમાં બેસી શકે છે. સહકારની ભાવના કેળવાય છે. નીડર બન્યા છે. સ્પષ્ટ બોલે છે અને સમજે છે.

**(૧૦) પરિણામો :**

વર્ગમાં જે કાચાં પડતા વિદ્યાર્થીઓ હતા તેમને વધુ સમય આપી, તેમજ તેમને તેમની ભાષામાં સમજાય તેવી રીતે શીખવતા વધુ ફેર્ક જોવા મળયો.આવા બાળકો લખવાની સાથે સમજતાં જોવા મળયાં અને જાતે બોર્ડ પરથી લખતાં થયાં છે.

**(૧૧) તારણો :**

આ પદ્ધતિ દ્વારા અથવા Acting દ્વારા બાળકોમાં ઘણા સારા હકારાત્મક ફેરફારો આવ્યા છે.

---



## વિષય : બાળ સંસ્કાર કેન્દ્રની તાલીમ અને અભ્યાસ

**દિપીકાબેન ટી. જાદવ**

(પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

**✱ પ્રસ્તાવના :** બાળકો રાષ્ટ્રનું ભવિષ્ય છે. તેમના સર્વાંગી વિકાસ માટે નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક, તેમજ શૈક્ષણિક સંસ્કારોનું સંસ્કાર કેન્દ્રોમાં પ્રદાન કરાતુ તાલીમ કાર્ય અત્યંત મહત્વનું છે. બાળ સંસ્કાર કેન્દ્રોમાં બાળકોને શિસ્ત, સ્વચ્છતા સહકાર, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીયતા, પરંપરા અને આધ્યાત્મિકતા અંગે પ્રેકટિકલ રીતે શિક્ષણ આપવામાં આવે છે.

**✱ વિષયના શબ્દોનું અર્થઘટન :**

સંસ્કાર કેન્દ્રની તાલીમ એટલે બાળકોને નૈતિક મૂલ્યો, શિસ્ત, સ્વચ્છતા, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રીયતાનું આયોજન. અહી બાળકોને પુસ્તકીયુ જ્ઞાન જ નહી પરંતુ જીવન જીવવાની રીત, શિસ્ત, સંસ્કાર, માનવતા, વડીલોનું સન્માન ફરજો શીખવવામાં આવે છે.

**✱ વિષયની પસંદગી શા માટે કરી ? કેવી રીતે ?**

- આજના સમયમાં બાળકોમાં નૈતિક મૂલ્યો અને શિસ્તનો અભાવ જોવા મળે છે.
- સમાજમાં સારા નાગરિકો ઘડવા માટે સંસ્કાર કેન્દ્રનું સ્થાન શું છે શોધવા માટે.
- માતા-પિતા તથા શિક્ષકોની દ્રષ્ટિએ સંસ્કાર કેન્દ્રની અસરકારકતા સમજવાની જરૂરિયાત.
- વ્યકિતગત અનુભવ કર્યો.
- શિક્ષકો તેમજ માતા-પિતાસાથે ચર્ચાકરી.
- બાળ સંસ્કાર કેન્દ્રની તાલીમ લીધી.

જયાં સંસ્કાર ત્યાં પ્રગતિ

**✱ સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે?**

- **બાળકો :** બાળ સંસ્કાર કેન્દ્રમાં આવતા નિયમિત બાળકો છોકરા/છોકરી જુદી-જુદી વયના